For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### વડોદરામાં ભવ્ય સમાપન: રોકાણ, રોજગારી અને સર્વસમાવેશી વિકાસને મળ્યો નવો વેગ

# વાઈબ્રન્ટ કોન્ફરન્સમાં રૂ.૩.૩૪ લાખ કરોડના રોકાણના કરારો, ૧.૯૭ લાખથી વધુ રોજગારીની આશા



**ગુજરાત** બનશે દેશનું અગ્રણી ડિફેન્સ મેન્યુફેક્ચરિંગ હબ : રાજનાથસિંહ

**'લોકલ ટુ ગ્લોબલ'ના** વિઝનને વેગ આપતું મહત્વપૂર્ણ પ્લેટફોર્મ બન્યું VGRC : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

(પ્રતિનિધિ) વડોદરા તા.30

વડોદરામાં યોજાયેલી ચોથી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (VGRC)નું કેન્દ્રીય રક્ષામંત્રી રાજનાથસિંહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ભવ્ય સમાપન થયું હતું. 'રીજનલ એસ્પિરેશન-ગ્લોબલ એમ્બિશન'ની થીમ પર યોજાયેલી આ કોન્ફરન્સમાં 3.34 લાખ કરોડથી વધુના રોકાણ માટે 3,759 સમજૂતી કરારો (MoU) થયા હતા. આ રોકાણોના પરિણામે રાજ્યમાં આગામી સમયમાં 1.97 લાખથી વધુ રોજગારીની તકો ઊભી થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'ઇન્ક્લુઝિવ ડેવલપમેન્ટ' અને 'વોકલ ફોર લોકલથી લોકલ ટુ ગ્લોબલ'ના વિઝનને સાકાર કરવામાં VGRC મહત્વપૂર્ણ પ્લેટફોર્મ બની છે. તેમણે ઉમેર્યું હતું કે વડાપ્રધાનના *'રિફોર્મ, પરફોર્મ અને ટ્રાન્સફોર્મ'**ના મંત્રને કારણે ગુજરાત આજે વૈશ્વિક રોકાણકારો માટે સૌથી વિશ્વસનીય ડેસ્ટિનેશન બન્યું છે.

રક્ષામંત્રી રાજનાથસિંહે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે છેલ્લા એક દાયકામાં ભારતનું ડિફેન્સ પ્રોડક્શન 46 હજાર કરોડથી વધીને 1.78 લાખ કરોડના રેકોર્ડ સ્તરે પહોંચ્યું છે, જ્યારે 39 હજાર કરોડનું સંરક્ષણ સાધનોનું નિકાસ પણ નોંધાયું છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે આજે ભારત આત્મનિર્ભરતાના રથ પર સવાર થઈ વૈશ્વિક સ્તરે મજબૂત ઓળખ બનાવી રહ્યું છે અને આંતરરાષ્ટ્રીય મંચ પર ભારતનો અવાજ વિશ્વ ગંભીરતાથી સાંભળે છે.

ગુજરાતની ઉદ્યોગસાહસિક ભાવનાની પ્રશંસા કરતાં તેમણે જણાવ્યું કે રાજ્ય પાસે આપત્તિને અવસરમાં ફેરવવાની અનોખી ક્ષમતા છે. વડોદરામાં સ્થાપિત દેશની પ્રથમ ખાનગી મિલિટરી એરક્રાફ્ટ ઉત્પાદન સુવિધા ટાટા-એરબસ C-295 પ્રોજેક્ટનો ઉલ્લેખ કરીને તેમણે ગુજરાતને ભવિષ્યમાં ડિફેન્સ મેન્યુફેક્ચરિંગ હબ બનવાની મોટી સંભાવના હોવાનું જણાવ્યું હતું. સાથે જ સાણંદ અને ધોલેરાના સેમિકન્ડક્ટર પ્રોજેક્ટ, રિન્યુએબલ એનર્જી, પોર્ટ, કેમિકલ, શિપબિલ્ડિંગ અને ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રોને પણ દેશના આત્મનિર્ભર ભારતના વિઝનના મુખ્ય આધારસ્તંભ ગણાવ્યા હતા.

કોન્ફરન્સમાં કેન્દ્રીય રાજ્યમંત્રી રાજીવ રંજન સિંહે ગુજરાતને આંતરદેશીય મત્સ્યઉદ્યોગનું વૈશ્વિક કેન્દ્ર બનાવવા માટે બ્લુ ઈકોનોમી, AI આધારિત ફિશરીઝ, કોલ્ડ ચેઈન અને હેચરી વિકાસ પર ભાર મૂક્યો હતો. સમાપન સમારોહ દરમિયાન વિવિધ ક્ષેત્રના ઉદ્યોગસાહસિકો અને હસ્તકલા કારીગરોનું સન્માન કરવામાં આવ્યું હતું.

## ગુજરાતમાં ૨૫૫૦ કરોડના ડિફેન્સ રોકાણને લીલી ઝંડી, ૪ હજારથી વધુ રોજગારીની તક

(પ્રતિનિધિ) વડોદરા, તા. 30

વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (VGRC) અંતર્ગત યોજાયેલા 'આત્મનિર્ભર ભારત ઈન એરોસ્પેસ એન્ડ ડિફેન્સ' સેમિનારમાં કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથસિંહની હાજરીમાં ગુજરાતમાં ડિફેન્સ ક્ષેત્રે 2,550 કરોડના ચાર મહત્વપૂર્ણ MoU પર હસ્તાક્ષર થયા હતા. વડોદરા, અમદાવાદ, રાજકોટ અને ખેડા જિલ્લામાં અમલમાં આવનારા આ પ્રોજેક્ટ્સથી 4 હજારથી વધુ રોજગારીની તકો ઊભી થશે.



રાજનાથસિંહે જણાવ્યું કે ડિફેન્સ ક્ષેત્રના સ્ટાર્ટઅપ્સને સરકારનો સંપૂર્ણ સહયોગ મળશે અને જરૂર પડે તો તેઓ સીધા સંરક્ષણ મંત્રી સમક્ષ પણ પોતાના પ્રશ્નો રજૂ કરી શકશે. સેમિનારમાં DRDO, IIT ગાંધીનગર, ભારતીય વાયુસેના અને રાષ્ટ્રીય રક્ષાશક્તિ યુનિવર્સિટીના નિષ્ણાતોએ આત્મનિર્ભર ભારત માટે સંશોધન, ટેક્નોલોજી વિકાસ અને ઉદ્યોગ-શૈક્ષણિક સહયોગ પર ભાર મૂક્યો હતો. વિવિધ ઉદ્યોગ નિષ્ણાતોએ ડ્રોન, AI, સાયબર સુરક્ષા અને એરોસ્પેસ મેન્યુફેક્ચરિંગ જેવા વિષયો પર માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ડિફેન્સ ક્ષેત્રે કાર્યરત સ્ટાર્ટઅપ્સનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.

### ભારત-રશિયા વેપારને મળશે વેગ, ૨૦૩૦ સુધી ૧૦૦ અબજ ડોલરનું લક્ષ્ય

વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સના MSME કોન્ક્લેવમાં રશિયન ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ ઝલાટા અન્તુશેવાએ જણાવ્યું કે ભારત-રશિયા વચ્ચેનો વેપાર હાલ 69 અબજ ડોલર છે, જેને 2030 સુધી 100 અબજ ડોલર સુધી પહોંચાડવાનું લક્ષ્ય છે. તેમણે ગુજરાતને ઔદ્યોગિક રાજ્ય ગણાવી કેમિકલ, કૃષિ, ટેક્નોલોજી અને ઉત્પાદન ક્ષેત્રે સહયોગની વિશાળ તકો હોવાનું જણાવ્યું.



### નવરચના યુનિવર્સિટી-VMC વચ્ચે MoU

વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ દરમિયાન નવરચના યુનિવર્સિટી અને વડોદરા મહાનગર પાલિકા (VMC) વચ્ચે શહેરના ટકાઉ અને સુઆયોજિત વિકાસ માટે મહત્વપૂર્ણ MoU પર હસ્તાક્ષર થયા હતા. કેન્દ્રીય મંત્રી મનોહરલાલ ખટ્ટરની ઉપસ્થિતિમાં થયેલા આ કરાર હેઠળ VMCના અધિકારીઓને તાલીમ, સંશોધન અને ક્ષમતાવર્ધન માટે નિષ્ણાત માર્ગદર્શન મળશે. સાથે જ ઓપન સ્પેસ ડિઝાઇન, માર્ગ આયોજન, હેરિટેજ મેનેજમેન્ટ, એરિયા ડેવલપમેન્ટ અને લેન્ડસ્કેપ ડિઝાઇન જેવા ક્ષેત્રોમાં સંયુક્ત કામગીરી હાથ ધરાશે. કાર્યક્રમ બાદ યોજાયેલી પેનલ ચર્ચામાં હાઈ સ્પીડ રેલ કોરિડોર વડોદરા અને મધ્ય ગુજરાતના આર્થિક વિકાસ, આધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને રોકાણને નવી ગતિ આપશે તેવો મત વ્યક્ત કરવામાં આવ્યો હતો.




### ઇન્ડસ્ટ્રી ૪.૦ અને સેમિકન્ડક્ટર ક્ષેત્રે ત્રણ MoU થયા



વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ અંતર્ગત યોજાયેલી પેનલ ચર્ચામાં ઇન્ડસ્ટ્રી 4.0, સેમિકન્ડક્ટર, AI અને સ્માર્ટ ફેક્ટરી જેવા ઉભરતા ક્ષેત્રો માટે કુશળ માનવબળ તૈયાર કરવાની જરૂરિયાત પર ભાર મૂકાયો હતો. કેબિનેટ મંત્રી કુંવરજી બાવળિયાએ કૌશલ્ય વિકાસ યોજનાઓ દ્વારા રોજગાર સર્જનને વેગ આપવાની વાત કરી હતી. નિષ્ણાતોએ ઉદ્યોગ-શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચે મજબૂત જોડાણ અને અપસ્કિલિંગ પર ભાર મૂક્યો હતો. કાર્યક્રમ દરમિયાન ત્રણ સમજૂતી કરારો (MoU) પર પણ હસ્તાક્ષર કરાયા હતા.

### MSME કોન્ક્લેવમાં રૂ.૧૭૪ કરોડના રોકાણના MoU

વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ અંતર્ગત યોજાયેલા MSME કોન્ક્લેવમાં પાંચ નવા ઔદ્યોગિક પ્રોજેક્ટ માટે રૂ.174 કરોડથી વધુના રોકાણના MoU થયા હતા. આ પ્રોજેક્ટ્સથી 460થી વધુ રોજગારીની તકો ઊભી થશે. કોન્ક્લેવમાં ટેક્નોલોજી, ઇનોવેશન અને વૈશ્વિક ભાગીદારી પર ભાર મૂકાયો હતો. સાથે જ અદ્યતન મેન્યુફેક્ચરિંગ, MSME વિકાસ અને ઉદ્યોગસાહસિકતા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે શ્રેષ્ઠ ઉદ્યોગોને MSME એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

### નાના ઉદ્યોગકારોના હિતમાં CMએ ભેટો સ્વીકારવાનો કર્યો ઇનકાર

વાઇબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ દરમિયાન આયોજિત ઔદ્યોગિક પ્રદર્શનીમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્ટોલધારકો દ્વારા અપાતી ભેટો વિનમ્રતાથી સ્વીકારવાનો ઇનકાર કર્યો હતો. તેમણે જણાવ્યું કે ઉત્પાદનો વેચાણ માટે છે અને તેનાથી નાના ઉદ્યોગકારોને આર્થિક લાભ થવો જોઈએ. મુખ્યમંત્રીએ વિવિધ સ્ટોલની મુલાકાત લઈ ઉદ્યોગસાહસિકો સાથે સંવાદ કર્યો અને તેમના પ્રયાસોની પ્રશંસા કરી. તેમની આ સંવેદનશીલતાની ઉપસ્થિતોએ સરાહના કરી હતી.

### ઇટોલા, પેટલાદ અને વડોદરામાં ૯૦૦ કરોડના ફૂડ પ્રોસેસિંગ પ્રોજેક્ટ્સ

કોન્ફરન્સમાં ઇટોલા, પેટલાદ અને વડોદરામાં ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રે 900 કરોડના રોકાણના MoU થયા હતા. મધર ડેરી, ચરોતર FPO અને સિટાડેલ ગીયર્સના પ્રોજેક્ટથી 5,700થી વધુ રોજગારીની તકો ઊભી થશે. સેમિનારમાં ડિજિટલ ટેક્નોલોજી, હેલ્થ ફૂડ અને ક્વિક કોમર્સની તકો પર પણ ચર્ચા થઈ હતી.



### ૨૩ વર્ષના સંઘર્ષ બાદ એસ્ટ્રલ બની ૪૦ હજાર કરોડની કંપની

વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સના MSME કોન્ક્લેવમાં એસ્ટ્રલ લિમિટેડના સ્થાપક સંદીપ એન્જિનિયરે જણાવ્યું કે સફળતા માટે ધીરજ, સતત સંઘર્ષ અને લાંબા ગાળાનું વિઝન જરૂરી છે. શરૂઆતના ત્રણ વ્યવસાય નિષ્ફળ ગયા છતાં તેમણે એસ્ટ્રલની સ્થાપના કરી અને આજે કંપની 40 હજાર કરોડથી વધુ માર્કેટ કેપ તથા 12 હજારથી વધુ લોકોને રોજગારી આપતી બની છે. તેમણે યુવા ઉદ્યોગસાહસિકોને શોર્ટ-ટર્મ નહીં, પરંતુ લોંગ-ટર્મ વિઝન અપનાવવાની સલાહ આપી.

### ૬ જુલાઈ સુધી દરરોજ ગાજવીજ સાથે વરસાદ પડવાની આગાહી

# શહેરમાં મેઘરાજાની હાથતાળી ક્યાંક ઝરમર વરસાદ તો ક્યાંક કોરું કટ

**તાપમાન** ઘટીને 34.8 ડીગ્રી નોંધાતા ગરમીમાં આંશિક રાહત



(પ્રતિનિધિ) વડોદરા,તા.30

વડોદરા શહેરમાં આગામી સાત દિવસ વરસાદી માહોલ રહેશે. હવામાન વિભાગના રિપોર્ટ મુજબ 30 જૂનથી 6 જુલાઈ દરમિયાન દરરોજ ગાજવીજ સાથે વરસાદ પડવાની શક્યતા છે. 30 જૂનથી 2 જુલાઈ સુધી ગાજવીજ સાથે વરસાદ અને 40-50 કિમીની ઝડપે પવન ફૂંકાવાની ચેતવણી આપવામાં આવી છે. જ્યારે 3 જુલાઈથી 6 જુલાઈ દરમિયાન ભારે વરસાદ પડવાની આગાહી છે. મંગળવારે વડોદરામાં મહત્તમ તાપમાન 34.8C અને લઘુત્તમ તાપમાન 31.0C નોંધાયું હતું, જે સામાન્ય કરતા 4 ડિગ્રી વધુ છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં ચોમાસું વિધિવત રીતે જામ્યું છે. ત્યારે, વડોદરા સહિત રાજ્યના અનેક જિલ્લાઓમાં મેઘમહેર જોવા મળી છે, જેમાં ખાસ કરીને દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં વરસાદી માહોલ છવાયેલો છે. વડોદરાના નગરજનો કાળઝાળ ગરમીનો સામનો કરી રહ્યા છે. ત્યારે, હવે પ્રિમોન્સૂન એક્ટિવિટી શરૂ થઈ ગઈ છે. આગામી દિવસોમાં મહત્તમ તાપમાનમાં હજી પણ ઘટાડો થશે. 3 જુલાઈએ મહત્તમ તાપમાન 36 ડિગ્રી અને 4-5 જુલાઈએ 35 ડિગ્રી સુધી નીચે આવવાની શક્યતા છે. લઘુત્તમ તાપમાન પણ 5 જુલાઈ સુધીમાં ઘટીને 27 ડિગ્રી થશે. સમગ્ર સપ્તાહ દરમિયાન વહેલી સવારે ધુમ્મસની પણ આગાહી પણ કરવામાં આવી છે. ભારે વરસાદની ચેતવણીને પગલે નીચાણવાળા વિસ્તારના લોકોને સાવચેત રહેવા તંત્ર દ્વારા અપીલ કરાઈ છે. મંગળવારે સવારે શહેરના આકાશમાં કાળા ડિબાંગ વાદળો ની ફોજ આવી ચડી હતી.

### બુટલેગર મુન્નાની દાદાગીરીનો વિડીયો વાયરલ

# પોલીસ સામે જ જીગરે ચપ્પુ કાઢી જાનથી મારી નાખવાની ધમકી આપી

**ગોત્રી** દીનદયાલનગર વુડામાં ચાંદીની ચેઇનના વિવાદે બે જૂથ વચ્ચે ધિંગાણું

(પ્રતિનિધિ) વડોદરા તા.30

વડોદરા શહેરના ગોત્રી રોડ પર આવેલા દીનદયાલનગરમાં ચાંદીની ચેઈનના વિવાદને લઈને બે જૂથ વચ્ચે ઉગ્ર મારામારી થતાં વિસ્તારમાં ભારે હોબાળો મચી ગયો હતો. ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં બુટલેગર મુન્ના કનોજીયાનો સાગરીત જીગર પોલીસની હાજરીમાં જ ચપ્પુ સાથે ધમકી આપતો જોવા મળે છે. ઘટનાને પગલે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે પણ પ્રશ્નો ઊભા થયા છે. લક્ષ્મીપુરા પોલીસે બંને પક્ષની ફરિયાદના આધારે સામસામે ગુનો નોંધી ચાર આરોપીઓની ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી છે.



પોલીસ ફરિયાદ મુજબ, દીનદયાલનગરમાં રહેતી હિનાબેન પરમારે જણાવ્યું હતું કે 29 જૂનની રાત્રે તેમના પતિના મિત્ર ઉદય ઉર્ફે કીશુ ડોડીયા અને મુન્ના કનોજીયા વચ્ચે તકરાર થઈ હતી. બાદમાં મુન્ના કનોજીયા, જીગર, રાગિની કનોજીયા અને શોભનાબેન કનોજીયા તેમના ઘરે પહોંચી ચાંદીની ચેઈન અંગે પૂછપરછ કરવા લાગ્યા હતા. ચેઈન અંગે જાણકારી ન હોવાનું કહેતાં રાગિણીએ મારપીટ કરી હતી, જ્યારે જીગરે ચપ્પુ કાઢી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. દરમિયાન 112ની ટીમ પહોંચતા તેણે ચપ્પુ સંતાડવાનો પ્રયાસ કર્યો હતો.

બીજી તરફ રાગિની કનોજીયાએ નોંધાવેલી ફરિયાદમાં આરોપ મૂક્યો છે કે વિજય ઉર્ફે ઢોલો રાણા, ઉદય ઉર્ફે કીશુ ડોડીયા અને જયમીન વાઘેલાએ તેમના પરિવાર પર હુમલો કર્યો હતો. મારામારી દરમિયાન તેમના સસરાની ચાંદીની ચેઈન તૂટી ગઈ હતી અને તેમને ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સમગ્ર મામલે પોલીસે બંને ફરિયાદના આધારે કાર્યવાહી હાથ ધરી છે.

### મેન્યુઅલ પદ્ધતિમાંથી મુક્તિ મેળવવા કરોડોનો ધુમાડો : તંત્ર 'અપડેટ' થવામાં નિષ્ફળ

# ચોમાસાની શરૂઆતમાં જ સ્માર્ટ સિસ્ટમ ફેલ વડોદરાના ૧૦માંથી ૪ વોટર લેવલ સેન્સર બંધ

**વરસાદ** તેજ બને તે પહેલાં સેન્સર કાર્યરત કરવાની નાગરિકોની માંગ



(પ્રતિનિધિ) વડોદરા, તા. 30

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સ્માર્ટ સિટી પ્રોજેક્ટ હેઠળ પૂર અને જળસ્તર પર નજર રાખવા માટે શહેરના વિવિધ સ્થળોએ સ્થાપિત કરાયેલા વોટર લેવલ સેન્સરોની કામગીરી સામે ચોમાસાની શરૂઆતમાં જ પ્રશ્નો ઊભા થયા છે. શહેરમાં લગાવવામાં આવેલા કુલ 10 સેન્સરમાંથી 4 સેન્સર હાલ બંધ હાલતમાં હોવાનું સામે આવતાં ડિજિટલ આપત્તિ વ્યવસ્થાપનની તૈયારીઓની પોલ ખુલી ગઈ છે.

વર્ષ 2022 બાદ મેન્યુઅલ પદ્ધતિને બદલે આજવા, અકોટા બ્રિજ, અશોજ ફીડર, કાલાઘોડા બ્રિજ, મંગલ પાંડે બ્રિજ, સમા-હરણી બ્રિજ, બહુચરાજી બ્રિજ, મુજમહુડા બ્રિજ, વડસર બ્રિજ અને પ્રતાપ સરોવર સહિતના સંવેદનશીલ સ્થળોએ આધુનિક સેન્સરો લગાવવામાં આવ્યા હતા. આ સેન્સરો દ્વારા પાણીના સ્તરની રિયલ-ટાઈમ માહિતી કંટ્રોલ રૂમ અને અધિકારીઓ સુધી પહોંચે છે, જેથી પૂર જેવી પરિસ્થિતિમાં સમયસર નિર્ણય લઈ નીચાણવાળા વિસ્તારોના લોકોને એલર્ટ કરી શકાય.

હાલ બહુચરાજી બ્રિજ, મુજમહુડા બ્રિજ, વડસર બ્રિજ અને પ્રતાપ સરોવર ખાતેના સેન્સરો કાર્યરત નથી. સૂત્રોના જણાવ્યા મુજબ બે સ્થળે કેબલ કપાઈ જવાથી, જ્યારે અન્ય સ્થળે મેન્ટેનન્સના કારણે ડેટા મળતો નથી. ભૂતકાળમાં વિશ્વામિત્રી નદીના પૂરના અનુભવોને ધ્યાનમાં લેતા વરસાદ તેજ બને તે પહેલાં બંધ પડેલા સેન્સરો તાત્કાલિક રિપેર કરી કાર્યરત કરવામાં આવે તેવી સ્થાનિક નાગરિકોએ માંગ ઉઠાવી છે.

### પીડિતાને વળતર ચૂકવવા માટેનો પણ આદેશ

# પત્ની પર એસિડથી હુમલો કરનાર પતિને આજીવન કેદ, એક લાખનો દંડ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૩૦

વડોદરાની સેશન્સ કોર્ટે પત્ની પર એસિડ હુમલો કરીને તેનું જીવન કાયમ માટે વિકૃત બનાવી નાખનાર પતિ સામે કડક વલણ અપનાવ્યું છે. કોર્ટે આરોપી ઈનાયત ઈસ્માઈલ શેખને આજીવન સખત કેદ અને રૂ.1 લાખ દંડની સજા ફટકારી છે. સાથે જ અન્ય ગુનામાં એક વર્ષની સખત કેદની સજા પણ સંભળાવી છે.

વડોદરાની 15મી એડિશનલ સેશન્સ કોર્ટે એસિડ હુમલાના ગંભીર કેસમાં ઐતિહાસિક ગણાય એવો ચુકાદો આપતાં પત્ની પર એસિડ એટેક કરનાર આરોપી ઈનાયત ઈસ્માઈલ શેખને આજીવન સખત કેદની સજા સંભળાવી છે. કેસની સુનાવણી દરમિયાન બચાવ પક્ષે દલીલ કરી હતી કે ફરીયાદ પક્ષના પુરાવાઓમાં વિરોધાભાસ હોવાથી આરોપીને ઓછીમાં ઓછી સજા આપવામાં આવે.

જોકે સરકારી વકીલે દલીલ કરી હતી કે પત્ની પર એસિડ હુમલો કરીને તેનું સમગ્ર જીવન બરબાદ કરનાર આરોપી સામે મહત્તમ સજા થવી જરૂરી છે જેથી સમાજમાં કાયદાનો ડર જળવાઈ રહે. કોર્ટે પોતાના ચુકાદામાં નોંધ્યું કે એસિડ હુમલાથી પીડિતાના ચહેરા પર કાયમી વિકૃતિ આવી છે અને તેને આખું જીવન આ પીડા સાથે જીવવું પડશે.

આવા ગુનાની ગંભીરતા, તેની ક્રૂરતા અને સમાજ પર પડતી અસરને ધ્યાનમાં રાખીને કડક સજા આપવી જોઈએ. કોર્ટે આરોપીને આજીવન સખત કેદ ઉપરાંત રૂ.1 લાખનો દંડ ફટકાર્યો છે. દંડ નહીં ભરે તો વધુ એક વર્ષની સાદી કેદ ભોગવવી પડશે. ઉપરાંત બી.એન.એસ. કલમ 115(2) હેઠળ ગંભીર ઈજા પહોંચાડવા બદલ એક વર્ષની સખત કેદ અને રૂ.10 હજારનો દંડ પણ ફટકારવામાં આવ્યો છે. બંને સજાઓ એકસાથે ભોગવવાનો હુકમ કરવામાં આવ્યો છે.

ચુકાદામાં કોર્ટે ગુજરાત હાઈકોર્ટના પરિપત્ર અને સર્વોચ્ચ અદાલતના આદેશનો ઉલ્લેખ કરીને દંડની રૂ.3 લાખની રકમ પીડિતાને વળતર તરીકે ચૂકવવાનો પણ આદેશ કર્યો છે. સાથે જ ટ્રાયલ દરમિયાન જેલમાં વિતાવેલો સમય સજામાં સમાયોજિત કરવાનો તથા કેસના મુદ્દામાલ અંગે કાયદેસરની કાર્યવાહી પૂર્ણ કરવાનો પણ નિર્દેશ આપવામાં આવ્યો છે.

## જીવલેણ હુમલાના કેસમાં આરોપીને ૭ વર્ષની સખત કેદ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 30

વડોદરાના શામળ બેચરની પોળ વિસ્તારમાં આવેલી હેન્ડીક્રાફ્ટની દુકાનમાં વેપારી પર લૂંટના ઈરાદે જીવલેણ ચપ્પુ હુમલો કરવાના સાત વર્ષ જૂના કેસમાં સેશન્સ કોર્ટે આરોપી સંજય રાજુભાઈ છવાળાને દોષિત ઠેરવી સાત વર્ષની સખત કેદની સજા ફટકારી છે. કોર્ટે હત્યાના પ્રયાસ, લૂંટના પ્રયાસ અને ઘાતક હથિયાર સાથે ગુનો આચરવા સહિતની ગંભીર કલમો હેઠળ સજા સંભળાવી તમામ સજાઓ એકસાથે ભોગવવાનો હુકમ કર્યો છે. કેસ મુજબ, માર્ચ-2019માં આરોપી દુકાને માલ ખરીદવાના બહાને આવ્યો હતો અને બીજા દિવસે વેપારીને સોનાની વીંટી તથા અન્ય કિંમતી વસ્તુઓ આપવા ધમકી આપી હતી. વેપારીએ વિરોધ કરતાં આરોપીએ ચપ્પુ વડે ગળા, ચહેરા અને હાથ પર હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયો હતો. પુરાવા અને સાક્ષીઓના આધારે કોર્ટે આરોપીને દોષિત ઠેરવી સજા ફટકારી હતી.

### અભયમે માતા-દિકરીનું કાઉન્સેલિંગ દ્વારા કરાવ્યું સમાધાન

# રિલ્સના રવાડે ચઢેલી દીકરીને રોસે ભરાયેલી માતાએ ઘરમાં પૂરી રાખી જમવાનું પણ ન આપ્યું

**મોબાઇલનો** મર્યાદિત ઉપયોગ કરવાની દીકરીએ આપી ખાતરી

**અભ્યાસ** પર ધ્યાન કેન્દ્રિત કરવા અને ઘર કામમાં માતાને સહયોગ આપવાની સલાહ આપી

(પ્રતિનિધિ) વડોદરા તા.30

વડોદરાના અકોટા વિસ્તારમાં મોબાઈલમાં સતત રિલ્સના રવાડે ચડેલી દીકરીથી માતા રોસે ભરાઈ હતી. માતાએ દિકરીને સબક શીખવાડવા માટે આખો દિવસ રૂમમાં બંધ રાખી અને જમવાનું પણ ન આપતાં દિકરીએ અભયમ મહિલા હેલ્પલાઈનનો સંપર્ક કર્યો હતો. મહિલા ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી બંનેનું કાઉન્સેલિંગ કર્યુ હતુ. ત્યારે દિકરીએ મોબાઈલનો બિનજરૂરી ઉપયોગ ઘટાડવાની ખાતરી આપી હતી. આમ અભયમે મામલો શાંતિપૂર્ણ રીતે ઉકેલી સમાધાન કરાવ્યુ હતુ.

અકોટા વિસ્તારમાં રહેતી એક યુવતીએ અભયમ મહિલા હેલ્પલાઈનને ફોન કરીને પોતાની માતાએ તેને ઘરમાં પૂરી રાખી હોવાનું જણાવી મદદ માંગી હતી. માહિતી મળતાં જ અભયમની ટીમ સ્થળ પર પહોંચી હતી. ટીમે માતા સાથે વાતચીત કરીને રૂમનું લોક ખોલાવી દિકરીને બહાર કાઢી હતી.

કાઉન્સેલિંગ દરમિયાન માતાએ જણાવ્યું હતું કે તેઓ છેલ્લા પાંચ વર્ષથી પતિથી અલગ રહે છે. પરિવારને ચાર સંતાનો છે, જેમાં એક સંતાન પિતા સાથે રહે છે જ્યારે ત્રણ સંતાનો તેમની સાથે રહે છે. પતિ બિલ્ડિંગ કોન્ટ્રાક્ટર તરીકે કામ કરે છે. કોર્ટ દ્વારા દર મહિને રૂ.20 હજાર ભરણપોષણ મંજૂર કરવામાં આવ્યું હોવા છતાં છેલ્લા એક વર્ષથી પતિ નિયમિત રકમ ચૂકવતા નથી. આર્થિક સંકટને કારણે બાળકોનું ભણતર પણ અટકી ગયું છે.

દિકરીએ બે મહિના કેફેમાં નોકરી કરીને પોતે મોબાઈલ ખરીદ્યો હતો. ત્યારથી તે દિવસભર મોબાઈલમાં રિલ્સ જોતી રહેતી હતી અને રાત્રે પણ મોડી રાત સુધી ફોન વાપરતી હતી. ઘરના કામમાં મદદ ન કરતી અને સમજાવતાં ઉલટો જવાબ આપતી તેમજ ગાળો બોલતી હોવાથી ગુસ્સામાં આવી માતાએ તેનો ફોન પાણીમાં નાખી દીધો અને તેને રૂમમાં બંધ કરી દીધી હતી. ઉપરાંત સવારથી જમવાનું પણ આપ્યું નહોતું.

અભયમની ટીમે માતાને સમજાવ્યું કે દિકરીને ભૂખી રાખવી કે ઘરમાં બંધ કરી દેવું યોગ્ય નથી. સાથે જ દિકરીને પણ મોબાઈલનો મર્યાદિત ઉપયોગ કરવા, અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરવા અને ઘરના કામમાં માતાને સહયોગ આપવાની સલાહ આપી હતી. કાઉન્સેલિંગ બાદ દિકરીએ મોબાઈલનો બિનજરૂરી ઉપયોગ ઘટાડવાની ખાતરી આપી હતી. અંતે બંને વચ્ચે સમાધાન થતાં મામલો સુખદ રીતે પૂર્ણ થયો હતો.